પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૩૩ | ૧ નવેમ્બર, ૨૦૨૦, રવિવાર; તિ. આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# મેં ગંદા રાજકારણનો સામનો કર્યો છે : મોદી

## વડાપ્રધાને વિરોધીઓ ઉપર પસ્તાળ પાડી : હવે વિરોધીઓ બેનકાબ થયા : મોદી : પુલવામાં હુમલાનો પાકિસ્તાને સ્વિકાર કરતા મોદીના વિપક્ષો પર પ્રહાર



કેવડિયા, તા.૩૧

પાકિસ્તાનની સંસદમાં ઈમરાન ખાનના મંત્રીએ પુલવામામાં હુમલો કર્યો હોવાની વાત સ્વીકાર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલી વખત પોતાની પ્રતિક્રિયા આપીને પુલવામા હુમલાના સમયે વિપક્ષની ભૂમિકા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. પુલવામા હુમલાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે જ્યારે આપણા દેશના જવાનો શહીદ થયા ત્યારે પણ કેટલાક લોકો રાજકારણ કરવામાં જોડાયેલા હતા. આવા લોકોને દેશની જનતા ક્યારેય ભૂલી નહીં શકે.

ગુજરાતના કેવડિયામાં રાષ્ટ્રીય એકતા દિવસના અવસર પર પુલવામા હુમલાનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને કહ્યું કે, તે સમયે હું તમામ આરોપોને સ્વીકારતો રહ્યો, ભદ્દી-ભદ્દી વાતો સાંભળતો રહ્યો. મારા હૃદય પર ઉંડા ઘા વાગ્યા હતા પરંતુ છેલ્લા થોડા દિવસોથી પાડોશી દેશમાંથી જે પ્રકારની ખબરો સાંભળવા મળી રહી છે, તેઓએ જે પ્રકારે પોતાની કરતૂતોને સ્વીકારી છે, તેનાથી તે લોકોની હકીકત પરથી પરદો હટી ગયો છે.

વડાપ્રધાને કહ્યું કે, જે રીતે ત્યાંની સંસદમાં સત્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે, તેમણે આ લોકોનો અસલી ચહેરો દેશ સમક્ષ ઉઘાડો પાડ્યો છે. પોતાના રાજનૈતિક સ્વાર્થ માટે તે લોકો કઈ હદ સુધી જઈ શકે છે તે આના પરથી સમજી શકાય છે. પુલવામા હુમલા બાદ કરવામાં આવેલા રાજકારણનું આ સૌથી મોટું ઉદાહરણ છે.

વડાપ્રધાને કહ્યું કે આજની પરિસ્થિતિમાં દુનિયાના તમામ દેશોને, તમામત સરકારોને, તમામ સંપ્રદાયોએ આતંકવાદ વિરુદ્ધ એકસાથે આવવાની ખૂબ જ જરૂર છે. શાંતિ-ભાઈચારો અને પરસ્પર આદરનો ભાવ જ માનવતાની સાચી ઓળખ છે. આતંકવાદ અને હિંસાથી ક્યારેય કોઈનું કલ્યાણ થયું જ નથી અને ક્યારેય થશે પણ નહીં.

દરમિયાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના બે દિવસના કાર્યક્રમના બીજા દિવસે કેવડિયા ખાતે એકતા પરેડને નિહાળ્યા બાદ સિવિલ સર્વિસિસના પ્રોબેશનર્સને વર્ચ્યુઅલ સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ શનિવારે કેવડિયાથી અમદાવાદ સાબરતમિ રિવરફ્રન્ટ માટે સી પ્લેનનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૫મી જન્મજયંતી રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવી રહી છે. વડાપ્રધાને ભવિષ્યના નીતિ આયોજકોને જણાવ્યું હતું કે તેમણે રાષ્ટ્રહિતમાં નિર્ણય કરવો જોઈએ જેથી દેશની એકતા તેમજ અખંડતા મજબૂત થઈ શકે.

પીએમ મોદીએ સિવિલ સેવા ક્ષેત્રે રહેલા પ્રોબેશનર્સને મિનિમમ ગવર્નમેન્ટ અને મેક્સિમમ ગર્વનન્સનો મંત્ર આપ્યો હતો. વીડિયો કોન્ફરન્સ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# દેશની પ્રથમ સી-પ્લેન સેવાનો પ્રારંભ

## ૫૦ મિનિટમાં કેવડિયાથી અમદાવાદ પહોંચ્યા મોદી

અમદાવાદ,તા.૩૧

કેવડિયાસ્થિત સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન મોદીએ કેવડિયાથી અમદાવાદ સી-પ્લેન સેવાનો પ્રારંભ કરાવ્યો અને મોદી સી-પ્લેનના પહેલા પેસેન્જર બનીને અમદાવાદ રવાના થયા હતા. મોદી સી-પ્લેનમાં બેસે એ પહેલાં તેમને લાઈફ જેકેટ અંગે માહિતી અપાઈ હતી. આ પહેલાં મોદીએ આજે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને અહીં વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા સિવિલ સર્વિસ ટ્રેની ઓફિસરોને પણ સંબોધન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પીએમ મોદીએ સી પ્લેનમા અમદાવાદથી કેવડિયાની સફર કરી હતી. ત્યારે આ સી પ્લેન આકર્ષણનું કેન્દ્ર બન્યું હતુ. કેવડિયા ખાતે તળાવ નંબર ૩ થી સી પ્લેનએ ઉડાન ભરી હતી, જેના પ્રથમ મુસાફર પીએમ મોદી બન્યા હતા. કેવડિયાથી પીએમ મોદીને નીકળેલું સી પ્લેન ૫૦ મિનીટમાં અમદાવાદ પહોંચ્યું હતું. નર્મદા નદીમાંથી ટેકઓફ થયેલુ સી પ્લેન સાબરમતી નદીમાં લેન્ડ થયું હતુ. પ્રથમ મુસાફરીમાં સી પ્લેને ૫૦ મિનીટ લીધા હતા. ત્યારે સી પ્લેનમાંથી ઉતરીને પીએમ મોદીએ લોકોનું અભિવાદન કર્યું હતું. રિવરફ્રન્ટની આસપાસ મોટી સંખ્યામાં લોકો પીએમ મોદી અને દેશના પ્રથમ સી પ્લેનને નિહાળવા ઉભા હતા. સી પ્લેન લેન્ડ થતા જ લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. તો આ સાથે સી પ્લેનને પીએમ મોદીએ દેશને સમર્પિત કર્યું હતું. રિવરફ્રન્ટ પર ૪૫ મિનિટ સુધી રોકાયા બાદ

● અનુસંધાન પાન-૭ પર




DHEVAN ENTERPRISE

## ડ્રાયફ્રૂટ

| | ૧ કિલો | ૨૫૦ ગ્રામ |
|---|---|---|
| બદામ | ૭૦૦/- | ૧૭૫/- |
| કાજુ | ૯૦૦/- | ૨૨૫/- |
| પિસ્તા | ૮૬૦/- | ૨૧૫/- |
| અખરોટ ફોલેલા | ૧૩૫૦/- | ૩૪૦/- |
| અખરોટ આખા | ૬૬૦/- | ૩૩૦/- ૫૦૦ ગ્રામ |
| અંજીર | ૧૨૫૦/- | ૩૧૫/- |
| દ્રાક્ષ | ૩૮૦/- | ૧૦૦/- |
| કાળી દ્રાક્ષ | ૩૮૦/- | ૧૦૦/- |

ઉત્તમ ક્વોલિટીના ડ્રાયફ્રૂટ મેળવો હોમ ડિલિવરી દ્વારા

For Order : Call & Whatsapp

VAISHALI PATEL

Mo: +91 7490083330







## સુશાસનમાં કેરળ દેશનું સૌથી શ્રેષ્ઠ રાજ્ય

નવી દિલ્હી,તા.૩૧

પબ્લિક અફેર્સ સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલ પબ્લિક અફેર ઈન્ડેક્સ મુજબ મોટા રાજ્યોની શ્રેણીમાં કેરળ સુશાસનના મામલે દેશનું સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે, જ્યારે ઉત્તરપ્રદેશ સૌથી નીચલા સ્થાન પર છે. કેન્દ્રશાસિત રાજ્યોમાં ચંડીગઢ સૌથી શ્રેષ્ઠ તરીકે ઉભર્યું છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના પૂર્વ ચેરમેન અને પીએસીના ચીફ કે કસ્તૂરીરંગને અહેવાલ ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, રાજ્યોને સ્થાયી વિકાસના સંદર્ભમાં સૂચકઆંક (ઈન્ડેક્સ) આપવામાં આવ્યો હતો. ઈક્વિટી, વૃદ્ધિ અને સ્થિરતા એમ ત્રણ આધારસ્તંભો દ્વારા નિર્ધારિત સ્થાયી વિકાસના સંદર્ભમાં સરકારની કામગીરીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વિશ્લેષણમાં સરકારી સૂત્રો પાસેથી મળેલા ડેટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દક્ષિણના ચાર રાજ્યોમાં કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટક બે કરોડથી વધુ વસ્તી ધરાવતા ૧૮ મોટા રાજ્યોની યાદીમાં ટોચ પર છે.





